માર્ચ ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## જીદ



# જીદ

## સંપાદકીય

બાળમિત્રો,

'જીદ' શબ્દથી કોણ અજાણ છે ? આપણે આપણું ધાર્યું કરવું હોય તો મમ્મી પપ્પા પાસે એની 'જીદ' પકડીને બેસી જઈએ એટલે થઈ જાય, ખરું ને ? આપણું ધાર્યું થઈ જાય એટલે આપણે ખુશ. પણ ત્યારે આપણને એ ખ્યાલ નથી રહેતો કે એના પણ કોઈ પરિણામો તો આવતા હશે ને જે આપણને નુકસાનકારક હોય!

આ અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીએ જીદ અને એના પરિણામોને બહુ સુંદર રીતે દર્શાવ્યા છે.

તો આવો, આ અંક વાંચીને આપણે પણ જીદથી છેટા રહીએ અને બધા સાથે પ્રેમથી રહીએ.

-ડિમ્પલ ભાઈ

## અનુક્રમણિકા


જ્ઞાનીઓ કહે છે... ૩
જાગ્યા ત્યારથી સવાર ૪
આ તો નવી જ વાત ! ૮
મુક્ત ઉડાનની મજા ૧૦
તમારી જાતને ચકાસી જુઓ ! ૧૪
જીવંત ઉદાહરણો ૧૫
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૬
મીઠી યાદેં ૧૮


# અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૭
સળંગ અંક : ૭૯
માર્ચ ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website:
kids.dadabhagwan.org



**Printed & Published by**

Dimple Mehta on behalf of Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'लीयींी दुद्वस्थौं' 'लौ लऽछ्षुऽ.



# જ્ઞાનીઓ કહે છે...




પ્રશ્નકર્તા : મારાથી જીદ બહુ થઈ જાય છે, તો મારે શું કરવું?

દીપકભાઈ : શેને માટે જીદ કરવી પડે છે?

પ્રશ્નકર્તા : કોઈ પણ બાબત માટે. જ્યાં સુધી મારી ઈચ્છા પૂરી ના થાય, ત્યાં સુધી હું જીદ કર્યા રાખુ છું.

દીપકભાઈ : જીદ કરવાથી પછી બધા સુખી થઈ જાય છે?

પ્રશ્નકર્તા : ના, દુ:ખી થાય.

દીપકભાઈ : તો બીજાને દુ:ખ આપીને આપણે સુખી થઈએ, એ સારું કહેવાય? અને તારી જીદ કરેલી વસ્તુ મળ્યા પછી કેટલા વખત એ વસ્તુ ટકે છે? એમાંથી પરમેનન્ટ સુખ મળે કે ટેમ્પરરી?

પ્રશ્નકર્તા : ટેમ્પરરી

દીપકભાઈ : ધારો કે આપણે કહીએ કે મને આ ડ્રેસ જોઈએ જ છે અને મમ્મી સાથે ઝઘડો કરીને આપણે ડ્રેસ લઈએ. હવે આપણે તો વરસમાં ઊંચા થઈ જઈશું ને ડ્રેસ ટૂંકો પડશે તો પછી આપણે ડ્રેસનું શું કરીશું?

પ્રશ્નકર્તા : ફેંકી દઈશું.

દીપકભાઈ : લે, તો એક વરસમાં એ ડ્રેસને ફેંકી દેવાનો વખત આવે. અને એના માટે આપણે જીદ કરીએ, એનું નુકસાન કેટલું બધુ થાય? એટલે આપણે કહેવાનું કે મારી ઈચ્છા છે આવી, મને મળશે તો મને ગમશે. પછી મમ્મી-પપ્પા એમની સગવડતાએ લઈ આપશે. આપણે ન કહીએ તો પણ તેઓ આપણું ઘણું બધુ ધ્યાન રાખતા જ હોય છે.

મમ્મી જો એક વાર જીદ કરે કે તું જો મોડી ઊઠી છે તો તને ચા નહીં આપું, ખાવાનું નહીં આપું તો ચાલે? મોડા ઊઠીએ તો પણ થોડીવાર પછી એ આપણને નાસ્તો, ખાવાનું, બધું આપે ને? એટલે સમજવાનું કે આ જીદ કરીએ છીએ એ ઊંધો રસ્તો છે. દાદા ભગવાન શું કહે છે કે 'સુખની દુકાન' ખોલો. બધાને સુખ થાય એવું કરો. કોઈને દુ:ખ ના આપશો.

# જાગ્યા ત્યારથી સવાર

જગત અને જતીન, દક્ષિણ મુંબઈની પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત સ્કૂલમાં ભણતા હતા. બંનેનો જન્મ સમૃદ્ધ અને સુખી પરિવારમાં થયેલો. એટલે, બંનેના ઉછેરમાં એમના પેરેન્ટ્સે કોઈ જ કમી રાખી નહોતી.

પણ જગત અને જતીનમાં આસમાન જમીન જેવો ફરક હતો. જગત ખૂબ જ ડાહ્યો અને કહ્યાગરો હતો. એટલે ઘરમાં અને સ્કૂલમાં, સહુનો વહાલો હતો. જ્યારે જતીનનો સ્વભાવ જગત કરતા તદ્દન જુદો હતો. એ ક્યારેય મમ્મી-પપ્પાની વાત માનતો નહીં અને પોતાની મરજી પ્રમાણે જ વર્તતો. દરેક બાબતમાં પોતાની જીદ પૂરી કરતો.

પરીક્ષાના દિવસો નજીક આવી રહ્યા હતા. જગત પરીક્ષાની તૈયારીમાં મશગુલ બની ગયો હતો. ખૂબ નિષ્ઠાથી એ ભણતો. બીજી બાજુ જતીન ભણવાનું બાજુ ઉપર મૂકીને 'નીન્ટેન્ડો ડીએસ' વિડિયો ગેમ ખરીદવાની હઠ લઈને બેઠો હતો.





'બેટા, હમણાં પરીક્ષા નજીક આવી રહી છે. તું ક્યાં વિડિયો ગેમની ખોટી હઠ લઈને બેઠો છે ? સારા માર્કસથી પરીક્ષામાં પાસ થઈશ, તો હું તને ચોક્કસ ગેમ લાવી આપીશ' જતીનના પપ્પાએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'ના. હું રાહ નથી જોવાનો. મને હમણાં જ વિડિયો ગેમ જોઈએ છે.'

'પણ બેટા, તારું ભણવાનું બગડશે. પરીક્ષા પછી ચોક્કસ અપાવીશ.' પપ્પાએ જતીનને ખાતરી આપી.

'ના... હમણાં એટલે હમણાં ! હું કંઈ નહીં સાંભળું. જો તમે ગેમ નહીં લાવી આપો તો હું ખાવાપીવાનું બંધ કરી દઈશ', જતીને ધમકી આપી.

દર વખતની જેમ આ વખતે પણ જતીનની હઠથી વશ થઈને, પપ્પાએ એને ગેમ લાવી આપી.

બીજા દિવસે જતીન એની ગેમ સ્કૂલે લઈ ગયો. ક્લાસ શરૂ થવાની વાર હતી. ક્લાસરૂમના એક ખૂણામાં બેસી જગત કંઈક લખી રહ્યો હતો.

'તું કેમ સવાર સવારમાં ચોપડીમાં માંથું નાખીને બેઠો છે ?' જતીને, જગતની ઠેકડી ઉડાવતા પૂછ્યું.

જતીનના આડા સવાલનો જગતે ગંભીરતાથી સરળ જવાબ આપ્યો, 'કેમ જતીન, ડોન્ટ યૂ નો ? આપણી એક્ઝામ નજીક આવે છે. ચાલ, આપણે બેઉ મેથ્સના સમ્સ સાથે સોલ્વ કરીએ.'

'મારે કંઈ સોલ્વ નથી કરવું. આઈ ડોન્ટ કેર કે એક્ઝામ નજીક આવે છે. હું તો મારી ગેમ રમીશ.' એમ કહી, જતીન પોતાની વિડિયો ગેમ રમવા લાગ્યો.

જગતને જતીનનું આવું વલણ ગમ્યું નહીં. તેને પૂછ્યું, 'અરે ? તું ભણશે નહીં તો પરીક્ષામાં સારા માર્કસ કેવી રીતે આવશે ? તું આટલો 'કેરલેસ' કેવી રીતે થઈ શકે ? તને તારા 'પેરેન્ટ્સ' ગેમ રમવાની ના નથી પાડતા ?'

'હે ! હે ! મમ્મી-પપ્પા તો ના પાડે, પણ મારે તો જે કરવું હોય એ જ કરું. હું કંઈ કોઈની વાત ના માનું. હું મારી પોતાની મરજીનો માલિક છું.' જતીને પોતાની હઠનું પ્રદર્શન કરતા કહ્યું. 'જતીન, આટલી બધી જીદ સારી નથી. આપણી જીદથી આપણા પેરેન્ટ્સને દુઃખ થાય. તેઓ આપણા સારા માટે જ કહેતા હોય છે. તને તારો જીદ્દી સ્વભાવ બહુ નડશે.'

'જગત પ્લીઝ, મને તારી એડવાઈસની જરૂર નથી.' કડકાઈથી જતીને જગતને ચુપ કરી દીધો.

અને આમ, પરીક્ષાની તૈયારી કરવાને બદલે, જતીન આખો દહાડો વિડિયો ગેમ રમવામાં તલ્લીન રહેતો.

પરીક્ષાનો છેલ્લો દિવસ હતો. ગણિતનું પેપર હતું. જતીનને પેપર એટલું અઘરું લાગ્યું કે પેપર પૂરું કરતા કરતા એને પરસેવો છૂટી ગયો.

પોતે પાસ થશે કે નહીં, એની ચિંતામાં જતીન એની વિડિયો ગેમ વોશરૂમની બહાર ભૂલી ગયો.

વિચારોમાં એ સ્કૂલના મેદાન તરફ ચાલવા માંડ્યો. એની નજર જગત ઉપર પડી.

જતીને જગતને બુમ પાડી, "જગત, આજની એક્ઝામ કેવી ગઈ ?"

'બહુ સરસ ગઈ. તારી કેવી ગઈ ?' જગતે સામો સવાલ કર્યો.

'મને તો પેપર બહુ ટફ લાગ્યું. ખબર નહીં હું પાસ થઈશ કે નહીં,' જતીનનો ચહેરો તણાઈ ગયેલો હતો.

જગતને નવાઈ લાગી, "કેમ ? જેવા દાખલા ટીચરે પ્રેક્ટિસ કરવાનું કહ્યું હતું, તેવા જ દાખલા તો પરીક્ષામાં આવ્યા હતા."

'ઈઝ ધેટ સો ?' જતીનને આશ્ચર્ય થયું.

પણ, જતીનને ક્યાંથી ખબર હોય ? ક્લાસરૂમમાં એનું ધ્યાન તો વિડિયો ગેમ રમવામાં જ રહેતું.

અચાનક, જતીનને એની વિડિયો ગેમ યાદ આવી, "અરે, જગત, મને કંઈક યાદ આવ્યું. હું પછી તને મળું" એમ કહીને જતીન વોશરૂમ તરફ દોડ્યો.

ત્યાં પહોંચીને જોયું તો વિડિયો ગેમ નહોતી. ખૂબ શોધવા છતાંય જતીનને વિડીયો ગેમ ના મળી.

ઘણા દિવસો સુધી જતીન વિડીયો ગેમને યાદ કરીને 'અપસેટ' રહ્યો. એને પરીક્ષાના રીઝલ્ટની પણ ખૂબ જ ચિંતા હતી.

આખરે, રીઝલ્ટનો દિવસ આવી ગયો. પોતાનું રીઝલ્ટ જોઈને જતીન એકદમ સૂનમૂન બની ગયો.

'શું રીઝલ્ટ આવ્યું, જતીન ?' પપ્પાએ ઓફિસેથી આવીને પૂછ્યું.

પપ્પાને જવાબ આપવાને બદલે જતીને માથું ઝુકાવી દીધું.

મમ્મીએ રસોડામાંથી જવાબ આપ્યો, 'ગણિતમાં ફેઈલ થયો છે, અને

બીજા બધા સબ્જેક્ટમાં પાસીંગ માર્કસ આવ્યા છે.'

જતીનના રીઝલ્ટથી એના પેરેન્ટ્સ ખૂબ નિરાશ બની ગયેલા. જતીન પણ હતાશ થઈ ગયો હતો. સાંજ પડે, એ જગતના ઘરે આંટો મારવા ગયો.




જોયું તો જગતના ઘરમાં ખુશાલી છવાયેલી હતી.

જગતના હાથમાં 'ડીએસ' વિડિયો ગેમ જોઈને એ ચકિત થઈ ગયો, "શું જગત, તેં પણ જીદ કરીને આ ગેમ ખરીદી?"

"ના, એવું નથી. ગણિતમાં મને ક્લાસમાં સૌથા વધારે માર્કસ આવ્યા એટલે પપ્પાએ મને ઈનામમાં વિડીયો ગેમ આપી છે." જગતે ગર્વથી જવાબ આપ્યો.

આટલું સાંભળીને જતીનની આંખોમાં પાણી આવી ગયા.

"શું થયું જતીન? તું રડે છે કેમ?"

જતીને પોતાના આંસુ લૂછ્યા અને કહ્યું 'મારા ઘરમાં મારા પેરેન્ટ્સ મારાથી ખૂબ જ નિરાશ છે અને તારા ઘરે બધા કેવા રાજી છે તારાથી!'

આજે જતીનને પોતાની ભૂલો પર બેહદ પસ્તાવો થઈ રહ્યો હતો. જગતે એને ચેતવણી આપી હતી કે એક દિવસ એને એની જીદ બહુ નડશે. આજે એને એ વાતનો પુરેપુરો અહેસાસ થયો.

જતીને જે વિડિયો ગેમ જીદ કરી અને સહુને દુઃખ આપીને લીધી હતી, આજે તે જ વિડિયો ગેમ જગતના પેરેન્ટ્સે એને ઈનામ સ્વરૂપે આપી હતી.

જતીનને નાસીપાસ થયેલો જોઈ, જગતને એના માટે લાગણી થઈ.

જતીનને હિંમત આપતા તેને કહ્યું, " જાગ્યા ત્યારથી સવાર. તારા પેરેન્ટ્સને રાજી કરવા તારા હાથમાં જ છે. તું જીદ નહીં કરે, એમનું કહ્યું માનીશ અને સિન્સયરલી ભણીશ તો એ લોકો ચોક્કસ તારાથી રાજી થશે. અને તને જ્યારે પણ વિડિયો ગેમ રમવાનું મન થાય તો મારા ઘરે આવી જજે!"

"થેંક યુ યાર!" કહીને જતીન જગતને ભેટી પડ્યો.

# આ તો નવી




જીદ કરવાથી આપણને આડાઈ ઊભી થાય. ના મળે ત્યાં સુધી આપણે રીસાઈએ, અકળાઈએ. તેથી સારી સારી વસ્તુ બધી રમવાની હોય, ખાવાની હોય બધુ આપણે ગુમાવતા જઈએ.



જે વસ્તુ માટે જીદ કરીને બીજાને દુઃખ આપીએ છીએ, એ વસ્તુ પરનો મોહ થોડા વખત પછી ઉતરી જવાનો અને બીજી જે નવી વસ્તુ આવશે એના પર નવો મોહ ઊભો થશે. માટે જે વસ્તુ કાયમની ગમતી રહેવાની નથી, એના માટે જીદ શું કરવી ?

# જ  વાત !




જીદ ના કરીએ તો આપણને આપણી ઈચ્છા પ્રમાણે કદાચ એક દિવસમાં ન મળે તો, પંદર દિવસે, મહિને પણ ભેગું થાય અને ઈચ્છા કરતા વધારે સારું ભેગું થાય.




જીદ ના કરીએ તો કેટલો મોટો ફાયદો થાય કે લોકો આપણું વધારે ધ્યાન રાખે કે ભઈ, એને આ ભાવે છે, આ ગમે છે, એને આ સરસ લાગે છે. ખાસ ધ્યાન રાખીને આપે.


# મુક્ત ઉડાનની મજા



ગીરના જંગલમાં લીમડાના ઝાડ પર ચકલીના બે બચ્ચા, રિંકી અને ચિંકી એમના મમ્મી-પપ્પાની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.
હવે મારાથી રાહ નથી જોવાતી. મમ્મી-પપ્પા હંમેશા મોડું કરે છે. મને હમણાં જ ખાવાનું જોઈએ.
ત્યાં તો મમ્મી-પપ્પા માળામાં આવ્યા.
આજે ફરી મગના દાણા ! મને નથી ભાવતા. હું નહીં ખાઉં
અને રિંકી રિસાઈને ભૂખી સૂઈ ગઈ.આમ, દર ત્રીજે દિવસે રિંકી કોઈક જીદ કરતી અને જીદ પૂરી ના થતાં રિસાઈને ભૂખી સૂઈ જતી.
વસંતઋતુ આવી ગઈ હતી.
ચિંકી-રિંકી, આજથી તમારે માળાની બહાર નીકળીને ઊડવાનો પ્રયત્ન કરવાનો છે.


ચિંકી હોંશે હોંશે કૂદતી-કૂદતી માળાની બહાર આવી, પણ.....
ના પપ્પા, મારે બહાર નથી આવવું. મને માળામાં જ ગમે છે.
રિંકી બેટા, બહાર નહીં આવે તો ચાલતા અને ઊડતા કેવી રીતે શીખશે ? ચાલ બહાર આવ.
પપ્પા, તમે બધી જ વાતમાં ફોર્સ કરો છો.
રિંકી પરાણે માળામાંથી બહાર આવી. પણ નબળાઈના કારણે બહુ ચાલી ના શકી.
જોયું, તું બધું ખાતી નથી, તેથી તારી નબળાઈ દૂર થતી નથી.
એક દિવસે સાંજે.....
ચિંકી-રિંકી, ચાલો રેતીના કણ ખાઈ લો.
ચિંકી તરત રેતીના કણ ચણવા લાગી, પણ.....


મને રેતી નહીં ભાવે, હું નહીં ખાઉં.
પણ, રિંકી તેં તો કોઈ દિવસ રેતી ચાખી પણ નથી, તો તને કેવી રીતે ખબર પડી કે એ તને નહીં ભાવે ?
રિંકી, આપણા જેવા પંખીઓને દાંત ના હોવાથી રેતી ખાવી પડે. જેથી આપણે ચણેલું અનાજ પચી જાય.
ના, મારે નથી ખાવી.
રેતીના કણ ન ખાવાથી, રિંકીના શરીરમાં વધુ નબળાઈ આવી ગઈ.
એક સરસ મજાની સવારે...
ચાલો, આજે આપણે બધાએ ફળોની વાડીમાં અને ખેતરમાં ચણવા જવાનું છે.
ચિંકી તો ફરરર દઈને ઊડવા લાગી, પણ રિંકી એક ફલાંગ પણ ન ઊડી શકી. એ પાછી માળામાં પેસી ગઈ.
આખો દિવસ માળામાં બેસીને રિંકી ખૂબ કંટાળી ગઈ.


સાંજ પડે....
આજે તો જાતજાતના અનાજના દાણા ચણ્યા, ફળોના રસ ચાખ્યા, પાણીમાં છબછબીયા કર્યા અને ખૂબ મજા કરી.
મમ્મી, મારે પણ જાતજાતના અનાજ અને ફળ ખાવા છે અને મજા કરવી છે.
પણ, બેટા મજા કરવા માટે તારે સ્વસ્થ થવું પડશે. અને સ્વસ્થ થવા માટે તારે તારી બધી જીદો છોડવી પડશે. બોલ, તું છે તૈયાર ?
હા મમ્મી. હવે તમે જે કહેશો એ બધું જ હું કરીશ. જીદ નહીં કરું.
બસ પછી તો શું ? રિંકી રેતીના કણ અને અનાજના દાણા ચણવા લાગી. થોડા જ દિવસોમાં નબળાઈ એની ગાયબ થઈ ગઈ.
જીદ છોડીને એ ખુલ્લા આકાશમાં મુક્ત ઉડાનની મજા માણવા લાગી. રિંકીએ જીદ કરવાના ગેરફાયદા અનુભવ્યા અને એમાંથી પાછી ફરી અને તમે ?

# તમારી જાતને ચકાસી જુઓ !

**નીચે આપેલા પ્રસંગમાંથી જીદના પરિણામ શોધો અને કોઝ-ઈફેક્ટ ટેબલમાં લખો.**



"હેપી બર્થ ડે પૂર્વી ! જો અમે તારા માટે શું લાવ્યા !" એક ગીફ્ટબેગ પૂર્વીના હાથમાં આપતા મમ્મીએ કહ્યું.

"વાઉ ..... શૂઝ !! થેંક-યુ ડેડી, થેંક-યુ મમ્મી. હું સમર કેમ્પમાં આ શૂઝ પહેરીને જઈશ. મારો તો વટ પડી જવાનો !" પૂર્વીએ તરત જ શૂઝ પહેરીને જોઈ લીધા.

બીજા દિવસે પૂર્વી મોઢું લટકાવીને સ્કૂલેથી આવી. જેવા ડેડી ઓફિસેથી આવ્યા એવી પૂર્વી બોલી, "ડેડી, મારે નાઈકીના શૂઝ જોઈએ છે. તન્વી પાસે એના શૂઝ છે. મારે પણ એવા જ જોઈએ."

ડેડીએ પૂર્વીની વાતનો કોઈ જ રિસ્પોન્સ ના આપ્યો. પૂર્વીએ હઠ લીધી, "તમે જો મને નાઈકીના શૂઝ નહીં અપાવો તો હું સમર કેમ્પમાં નહીં જઉં."

મમ્મીએ પૂર્વીને સમજાવવાની ખૂબ કોશિશ કરી, "બેટા, આ શું ખોટી જીદ લઈને બેઠી છે ? તને આટલા સારા શૂઝ લાવી આપ્યા છે, એની તને જરાય કિંમત નથી ?"

પણ પૂર્વીએ એની જીદ ના છોડી. રાત્રે એણે જમવાની પણ ના પાડી.

મમ્મી-પપ્પા પૂર્વીની જીદથી ખૂબ અકળાઈ ગયા, "પૂર્વી, આ વખતે કોઈ પણ સંજોગોમાં અમે તારી જીદ પૂરી નહી કરીએ."

"તો પછી હું સમર કેમ્પમાં નહીં જાઉં," પૂર્વીએ ધમકી આપી.

"અમને વાંધો નથી. તો તારી બધી ફ્રેન્ડસ મજા કરશે અને તું મજા ગુમાવીશ." મમ્મીએ પૂર્વીને ચેતવી.

પણ પૂર્વીએ સમજવાનો ઈનકાર કરી દીધો. સમર કેમ્પમાં જવાનું છોડી દીધું પણ પોતાની જીદ ના છોડી.

કોઝ ઈફેક્ટ

| જીદ | પરિણામ |
|---|---|
| ૧. નાઈકીના શૂઝ ખરીદવાની પૂર્વીની જીદ | |
| ૨. સમર કેમ્પમાં નહીં જઉં | |

**જીદમાંથી છૂટવા માટે પૂર્વીને તમે શું સમજણ આપશો ?**

# જીવંત ઉદાહરણો

૧૯૮૬ના ઉનાળાના એક દિવસની વાત છે. રશિયામાં બ્લેક સીમાં બે જહાજની જોરદાર ટક્કર થઈ. જેમાં લગભગ ૪૦૦ પ્રવાસી મૃત્યુ પામ્યા. આ કરુણ ઘટનાની ગંભીરતા વધુ બની ગઈ, જ્યારે એના કારણની શોધ કરવામાં આવી. કોઈ ટેક્નોલોજી અપક્રિયાના હિસાબે આ ઘટના નહોતી બની.


આ ઘટનાનું મુખ્ય કારણ હતું માનવીની જીદ. બંને જહાજના કેપ્ટનને બીજા જહાજની ઉપસ્થિતિની જાણ હતી. બંને એકબીજાને જવા માટે રસ્તો આપી શકતા હતા. પણ બંને કેપ્ટન એવા હઠીલા હતા કે બીજાને રસ્તો આપવો એમને મંજૂર નહોતો. જ્યારે કેપ્ટનને પોતાની હઠનું ભાન થયું, ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું.

જોયું બાળમિત્રો, બીજાનો વિચાર નહીં કરીને પોતાની હઠને પકડી રાખવાનું પરિણામ કેવું દુઃખદ હોય શકે!



# ઐતિહાસિક ગૌરવગાથાઓ

(આગલા અંકમાં આપણે વાંચ્યું કે ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ વેદમાં પારંગત હતો. બાજુના ગામમાં સોમિલ નામના બ્રાહ્મણને ત્યાં આયોજિત યજ્ઞમાં એને આમંત્રિત કરાયો હતો. તે સમયે આકાશમાર્ગે દેવદેવીઓને એ દિશા તરફ આવતા જોઈ એને પોતાની ખ્યાતિ માટે ગર્વ થયો. પણ એના આશ્ચર્ય વચ્ચે દેવદેવીઓ એ યજ્ઞમાં ન આવતા ભગવાન મહાવીરની દેશના સાંભળવા ગયા. ઈન્દ્રભૂતિ ભગવાનને વેદજ્ઞાનમાં હરાવવાના આશયથી એમની સભમાં ગયો. એના પૂછતાં પહેલાં જ ભગવાને એના મનમાં ચાલતા સંશયોનું સમાધાન કર્યું. એનાથી પ્રભાવિત થઈ એ ત્યાં ને ત્યાં જ એમનો શિષ્ય બની ગયો. આ જોઈ સોમિલના યજ્ઞમાં આવેલા બીજા દસ પંડિતો પણ ભગવાન સાથે વાદ-વિવાદ કરવા ગયા. તેઓ પણ ભગવાન સામે હારી જતાં, એમના શિષ્ય બની ગયા. હવે આગળ વાંચીએ....)



એક દિવસ એવું બન્યું કે ગૌતમ સ્વામી અષ્ટાપદ પર્વત પર આવેલા ૨૪ તીર્થંકરોના દર્શને ગયા. ચઢવા માટે પર્વત ખરેખર અઘરો હતો. તળેટીમાં બીજા ૧૫૦૦ વનવાસી સંન્યાસીઓ એ પર્વત ચઢવાના પ્રયત્નો કરતા હતા પણ એમને સફળતા મળતી નહોતી. ગૌતમ સ્વામી સહેલાઈથી તે ચઢી ગયા. તે જોઈને સંન્યાસીઓ ખૂબ જ પ્રભાવિત થઈ ગયા અને તેમના શિષ્યો થવાનું નક્કી કર્યું. ગૌતમ સ્વામીએ તેમને સાચો ધર્મ અને પરમ સુખ પામવાનો સાચો રસ્તો બતાવ્યો. અને તેમને શિષ્યો તરીકે સ્વીકાર્યા. ૧૫૦૦ સંન્યાસીઓ જૈન સાધુ બની ગયા. ગૌતમ સ્વામીને ખ્યાલ આવી ગયો કે તેઓ ખૂબ જ ભૂખ્યા છે. તેઓ અનંત લબ્ધિ (સિધ્ધિ)ના ધારક હતા. એમણે પોતાના નાના પાત્રમાં પોતાનો અંગૂઠો મૂક્યો. અંગૂઠો હતો ત્યાં સુધી પાત્રમાં ખીર ખૂટી જ નહીં અને આમ એમણે સહુને ભરપેટ ખીર ખવડાવી.

સમય જતાં ગૌતમસ્વામીના તમામ શિષ્યોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ગૌતમસ્વામીને હજુ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ન હતું. એમને ચિંતા થવા લાગી કે આખી જિંદગીમાં મને કેવળજ્ઞાન નહીં થાય તો?

એક દિવસ એમણે ભગવાન

મહાવીરને પૂછ્યું, "હે પ્રભુ ! મારી સાથે બીજા દસ વિદ્વાનો દીક્ષા અંગીકાર કરી આપના શિષ્યો થયા હતા. તેઓ બધાને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તો મને કેમ નહીં?"

ભગવાન મહાવીરે કહ્યું, "મારા પ્રત્યેના અતિશય સ્નેહના કારણે આમ બન્યું છે. કેવળજ્ઞાન મેળવવા માટે તારે તમામ પ્રકારની માયામાંથી મુક્ત થવું પડશે. તારા ગુરૂની માયા પણ છોડવી પડશે."

વખત જતાં ભગવાન મહાવીરનો અંતકાળ નજીક આવ્યો. એમણે ગૌતમને બાજુના ગામમા રહેતા દેવશર્મા નામના શિષ્યને ઉપદેશ આપવા મોકલ્યા. ભગવાનની આજ્ઞાને શિરોમાન્ય રાખી ગૌતમ તો ગયા.

પાછા ફરતા રસ્તામાં જ એમણે ભગવાન મહાવીરના નિર્વાણના સમાચાર સાંભળ્યા. સાંભળતાં જ એમને ખૂબ આઘાત લાગ્યો અને તેઓ વિલાપ કરવા લાગ્યા.

"ભગવાનને ખબર હતી કે આજે એમનો આ પૃથ્વી પરનો છેલ્લો દિવસ છે, તો એમણે મને શા માટે દૂર મોકલ્યો ?" ગૌતમના આંસુ રોકાતા નહોતા.



આમ વિચારે ચડતાં એમને સમજાયું કે કોઈ અમર તો છે જ નહીં. કોઈ સંબંધો કાયમી નથી. મને પ્રભુ પ્રત્યે રાગ હતો, ભગવાન તો વીતરાગ જ હતા. હું પોતે ખોટો હતો. પ્રભુ પ્રત્યેની તમામ માયા સાપની કાંચળીની જેમ ઉતારી દીધી. આમ ભગવાનની વીતરાગતા એની દૃષ્ટિમાં આવવા લાગી. આ પ્રકારના ઊંડા ચિંતન દરમિયાન ગૌતમસ્વામીએ પોતાના કર્મોનો નાશ કર્યો અને તુરંત જ એમને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે વખતે એમની ઉંમર ૮૦ વર્ષની હતી. અને ૯૨ વર્ષની ઉંમરે તેઓ નિર્વાણ પામ્યા.

હિંદુ પંચાંગ પ્રમાણે દિવાળીના દિવસે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા અને તે જ દિવસે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું.

# મીઠી યાદેં

બપોરનો સમય હતો. નીરૂમા જમીને બધી આપ્તપુત્રી બહેનો સાથે બેઠા હતા. તે અરસામાં ટી.વી. પ્રોગ્રામ માટે નીરૂમાનું શુટિંગ ચાલતું હતું. એટલે કપડાની વાત નીકળી.

નીરૂમાએ એક આપ્તપુત્રી બહેનને પૂછ્યું, "તારી પાસે કેટલા જોડી કપડા છે ?" કુદરતી રીતે, અઠવાડિયા પહેલા જ એ આપ્તપુત્રીએ પોતાના કપડાની ગણતરી કરી હતી. એટલે એમણે તરત જ જવાબ આપ્યો, "પંદરેક જોડી હશે, નીરૂમા."

નીરૂમા અને બધી બહેનો બોલ્યા, "ઓહોહો!"

સહુની પ્રતિક્રિયા જોઈને આ આપ્તપુત્રી બહેન બોલી, "મેં તો મારા કપડાના ભાગ પાડી દીધા છે. જન્મજયંતી અને ગુરૂપૂર્ણિમાના અલગ, ઠંડી - ગરમીના અલગ, ઘરમાં પહેરવાના અને બહાર સત્સંગમાં જવાના અલગ. અને આમ પણ, હું ગમે તેવા કપડા પહેરું તો મારા ઘરના લોકો ફરિયાદ કરે કે હું લઘરવઘર ફરું છું." આમ એ આપ્તપુત્રીએ વધુ કપડા રાખવાના કારણો આપી પોતાના બચાવમાં ઘણી બધી વાતો કહી દીધી.

ત્યાર પછી નીરૂમાએ એ બહેનને પૂછ્યું, "તમને ખ્યાલ છે કે '૮૭માં દાદાના દેહવિલય પછી અમારી પાસે કેટલા જોડી કપડા હતા ?"

બહેને કહ્યું, "લગભગ પાંચ-સાત જોડી હતા નીરૂમા."

નીરૂમાએ પૂછ્યું, "અને હવે અમારી પાસે કેટલા જોડી કપડા છે ?"

બહેને જવાબ આપ્યો, "હવે તો શુટિંગ કરવાનું એટલે ઘણા બધા છે."

નીરૂમાએ કહ્યું, "જાણો છો, અમને આટલા બધા કપડા કેમ ભેગા થયા ? કારણ કે અમારો મૂળમાં મોહ હતો. ભલે, કોઈક અરસામાં અમારી પાસે ફક્ત પાંચ-સાત જોડી જ કપડા હતા. પણ મૂળમાં મોહ તો પડેલો જ હતો. અને એના આધારે જ્યારે શુટિંગનો એવિડન્સ મળ્યો, ત્યારે ફરી બધા કપડા ભેગા થયા."

શુટિંગ વખતે અમુક લોકોનો આગ્રહ હતો કે ખાસ ડીઝાઈન અને વર્કવાળી સફેદ સાડીઓ જોઈશે. તેમ છતાંય નીરૂમા કહે કે "અમે એમ ના કહીએ કે અમને ફલાણા ભાઈએ કહ્યું કે શુંટીંગમાં આવી ડીઝાઈન કે આવી વર્કવાળી સાડી જોઈશે, એટલે અમને આવી સાડીઓ ભેગી થઈ. અમે તો ચોખ્ખું કહીએ કે અમને મૂળમાં મોહ હતો, તેના આધારે આ કપડા ભેગા થયા."



જોયું મિત્રો, જ્ઞાનીની બધી વાત કેવી 'ઓપન ટુ સ્કાય' હોય ! પોતે પોતાની કોઈ પણ ક્યાશ માટે ક્યારેય ઉપરાણું લે જ નહીં અને પોતાના જીવનના દાખલાઓ આપી બીજાને પણ એમની ભૂલોમાંથી છોડાવે.

# હા...હા...હી...હી...

એક ગાંડો ગધેડા પર બેસીને સવારી કરતો હતો.
બીજો ગાંડો : તને પોલિસ પકડશે.
પહેલો ગાંડો : કેમ?
બીજો ગાંડો : તે હેલ્મેટ નથી પહેર્યું.
પહેલો ગાંડો : ઓય નીચે તો જો આ ફોર વ્હીલર છે.

પપ્પા : અમેરીકામાં તો ૧૫ વર્ષની ઉંમરના છોકરાઓ પોતાના પગ પર ઉભા થઈ જાય છે.
રાહુલ : પણ ભારતમાં તો એક વર્ષમાં છોકરો દોડવા લાગે છે.





૭ જાન્યુઆરી ૨૦૧૫ ....સંગીતના સરે છાત્રને પૂછ્યું "ક્યા તાલ વિશે વધારે જાણો છો ?"
છાત્ર : હડતાલ

# અંબા સ્કુલ ફોર એક્સેલન્સ

ગુજરાતી માધ્યમમાં નર્સરીથી ધોરણ-૧૨ (સાયન્સ, કોમર્સ) અને અંગેજી માધ્યમમાં નર્સરીથી ધોરણ-૫ એડમિશન ઓપન.

૧ માર્ચથી સંપર્ક કરો. એડમિશન તથા માહિતી માટે સંપર્ક કરો.(M) ૭૬૯૮૯૮૯૬૬૬

# તમારી જાતને ચકાસી જુઓ ! ના જવાબ

### ઈફેક્ટ – પરિણામ

- પૂર્વી પોતે દુ:ખી થઈ અને મમ્મી-પપ્પાને પણ દુ:ખ થયું.
- એણે ફરવાનું ગુમાવ્યું.

### પૂર્વીને સમજણ

મમ્મી-પપ્પા એમની સગવડતાએ બધી જ વસ્તુઓ લાવી આપે. જે શૂઝ મળ્યા તો ખુશી ખુશી અપનાવી લે તો બધા જ ખુશ રહે. જે શૂઝ થોડા વખતમાં નાના થઈ જવાના છે, એના માટે આટલો બધો કકળાટ કરીને શું ફાયદો?


'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)
૧. પ્રકાશનનું સ્થળ : સીમંધર સીટી, અડાલજ –૩૮૨૪૨૧, જી–ગાંધીનગર
૨. પ્રકાશનનો સમય : માસિક
3. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઇ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ–૧૪
૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : સીમંધર સીટી, અડાલજ –૩૮૨૪૨૧, જી–ગાંધીનગર
૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮–૩–૨૦૧૫, અમદાવાદ.
મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

Akram Express

**March 2015**
**Year : 7, Issue : 7**
**Conti. Issue No.: 79**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# અમરેલી પ્રાણપ્રતિષ્ઠા દરમિયાન બાળકો દ્વારા થયેલા કલ્ચરલ શોની એક ઝલક










**<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સુચના</u>**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.